ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# તાઉ-તે વાવાઝોડાથી શહેર જળબંબાકાર : સેંકડો વૃક્ષો ધરાશાયી

**સાંજે અમદાવાદ ગાંધીનગરથી પસાર થયેલા વાવાઝોડાથી શહેરમાં ૫૫ થી ૬૦ કીમી ની ઝડપે તોફાની પવન ફુંકાયો : શહેરના સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા**

**નવ નિર્મિત અન્ડર પાસમાં પણ વરસાદી પાણીનો ભરાવો : શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અંદાજિત ૧૫૦૦ જેટલા વૃક્ષો જમીનદોસ્ત જનજીવન પ્રભાવિત**







ગાંધીનગર તા ૧૮

તાઉ તે વાવાઝોડાના લીધે આજે ગાંધીનગરમાં અતિ તોફાની પવન સાથે ભારે વરસાદ વરસ્યો હતો. સાંજના સમયે સમગ્ર શહેર વરસાદથી જળબંબાકાર બની ગયુ હતુ. સુસવાટા મારતા આક્રમક પવન વચ્ચે વરસાદનુ જોર પણ ભારે હોવાથી સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સાંજના સમયે વાવાઝોડુ અમદાવાદ ગાંધીનગર પાસેના રૂટમાં આગળ વધતા પવનની અસર વધુ તિવ્ર બની હતી. દરમિયાન નાગરિકો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો. શહેરના ઘ માર્ગ પર નવનિર્મિત અન્ડર પાસમાં પણ વરસાદી પાણી ઘમરોળાતુ નજરે પડયુ હતુ.

તાઉ તે વાવાઝોડાની અસરથી છેલ્લા બે દિવસથી શહેરમાં મોસમનો મિજાજ બદલાયો છે. જયારે ગઈકાલે રાત્રિના સમયે તાઉ તે ગુજરાતના દરિયાકાંઠે ટકરાતા સૌરાષ્ટ્ર સહીતના વિસ્તારોમાં તોફાની પવન અને વરસાદ સાથે કલાકથી વાવાઝોડાની અસર શહેર અને જિલ્લામાં વધુ પ્રબળ બની હતી. સાંજના સમયે તાઉ તે વાવાઝોડુ અમદાવાદ ગાંધીનગર આસપાસથી પસાર થતા કલાકની ૫૫ થી ૬૦ કી મી ની ઝડપે સુસવાટા મારતો પવન ફુંકાયો હતો. તેજ ગતિના પવન સાથે ભારે વરસાદ વરસ્યો હતો. પલવારમાં જ ગાંધીનગર જળબંબાકાર થઈ ગયુ હતુ. ભારે વરસાદના લીધે શહેરના સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. જયારે અત્યંત તેજ પવનના લીધે ટીમ પણ આડશ બનેલા વૃક્ષો દુર કરવા કામે લાગી હતી. હરિયાળા ગાંધીનગરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક વિસ્તારમાં પણ વૃક્ષોની સંખ્યા વિશેષ છે. જયારે સાંજના સમયે અમદાવાદ ગાંધીનગર આસપાસથી વાવાઝોડુ પસાર થયુ હતુ ત્યારે પવનની ગતિ પણ તિવ્ર હોવાથી કેટલાક ઠેકાણે મુળમાંથી વૃક્ષો ઉખડી ગયા હતા. હોર્ડીંગ્સ પણ હવામાં ફંગાળોયા હતા. છેલ્લા ૨૪ કલાકમાં શહેરમાં ૯૧ મીમી અલબત્ત ચાર ઈંચ વરસાદ વરસ્યો હતો.




શહેરમાં ૫૫ થી ૬૦ કીમીની ઝડપે તોફાની પવન ફુંકાયો હતો જેના લીધે અનેક ઠેકાણે સેંકડો વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. એક અંદાજ મુજબ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં ૧૫૦૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હતા. શહેરમાં પણ અનેક માર્ગો પર ધરાશાયી થયેલા વૃક્ષો આડશ બન્યા હતા. વાવાઝોડાના લીધે જનજીવન સ્તબ્ધ થઈ ગયુ હતુ. મોડી સાંજ સુધી સુસવાટા મારતા પવન વચ્ચે દિવસ ત્રાટકેલા વાવાઝોડાએ ખાનાખરાબી કરી હતી. દિવસ દરમિયાન આજે સમગ્ર રાજયમાં ભારે થી અતિભારે વરસાદ વરસ્યો હતો. વરસાદના લીધે ઠેર ઠેર જળબંબાકારની સ્થિતિ જોવા મળી હતી. જયારે ગાંધીનગરમાં પણ આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. દિવસ દરમિયાન સતત વરસાદ વરસ્યો હતો. જયારે સાંજના ૪: ૩૦ શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા. શહેરના સેકટરોમાં પણ ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ જતા વાહનચાલકો પણ અટવાયા હતા. જયારે અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થતા માર્ગો પણ બ્લોક થઈ ગયા હતા. ભારે પવનના લીધે શહેર તેમજ આસપાસના વિસ્તારમાં અંદાજિત ૧૫૦૦ જેટલા વૃક્ષો ધરાશાયી થયા હોવાનો અંદાજ છે. જો કે વન તંત્રની

## અમદાવાદ જવા માટે એપોલો સર્કલ રીંગરોડ થઈને જવુ

જે વ્યકિતઓને ગાંધીનગરથી અમદાવાદ તરફ જવું હોય તે નાગરીકોએ ઈન્દ્રોડા સર્કલ (ચ-૦) થી શાહપુર સર્કલથી કોબા સર્કલ થઈ, અપોલો સર્કલ જવું અને અપોલો સર્કલ રીંગરોડ થઈને અમદાવાદ જવું. ગાંધીનગરથી અમદાવાદ જતા નાગરીકોને જણાવવામાં આવે છે કે તેઓએ ઈન્દ્રોડા સર્કલ (ચ-૦) તેમજ શાહપુર સર્કલ થઈ ઉવારસદ ચોકડી થઈ, વૈષ્ણોદેવી સર્કલ તરફ જતા રસ્તેથી અમદાવાદ ન જઈ ઉપર જણાવેલ ડાયવર્જન વાળા રસ્તેથી અમદાવાદ જવા જિલ્લા પોલીસ તંત્ર દ્વારા અનુરોધ કરવામાં આવે છે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાત આવશે : હવાઈ નિરીક્ષણ કરશે

ગાંધીનગર, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે રાજયમાં વાવાઝોડાની સ્થિતિ અને પરિસ્થિતિની સમીક્ષા માટે ભાવનગર ૧૧.૩૦ વાગ્યાની આસપાસ આવી પહોંચશે. વડાપ્રધાન મોદી બેઠક બાદ કે પહેલાં વાવાઝોડાની વ્યાપક અસર પામેલા ઉના સહિતના ૪ તાલુકાનુ હવાઈ નીરીક્ષણ પણ કરશે. તેમનો પ્રવાસ કાર્યક્રમ રાત્રે ૮.૩૦ સુધી આખરી થયો નહિ હોવાનું જાણવા મળેલ છે. જો કે તંત્રએ આ અંગેની તડામાર તૈયારીઓ શરૂ કરી દીધી છે. સચિવાલયના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી બિનસત્તાવાર વિગતો પ્રમાણે રાજ્ય સરકાર એક હજાર કરોડથી પણ વધુ રકમની કેન્દ્ર પાસે માંગણી કરતુ આવેદનપત્ર પણ પ્રધાનમંત્રીને આપવામાં આવનાર છે.

## જિલ્લામાં ‘તાઉ-તે’નો પ્રકોપ

ગાંધીનગર જિલ્લામાં આજે તાઉ-તે વાવાઝોડાને પગલે ચારેય તાલુકામાં પાંચ ઈંચ જેટલો વરસાદ નોંધાયો હતો. આજે થયેલા આ વરસાદને પગલે ગ્રામ્ય અને શહેરનું જનજીવન ખોરવાઈ ગયુ હતુ તેમજ તાઉ-તે વાવાઝોડાને પગલે ઠેર ઠેર પાણી ભરાઈ જવા પામ્યા હતા.

- ડભોડા ગામે પતરાનો શેડ પડી જવાથી ૬ બકરાના મોત થયેલા છે જ્યારે ૧૦ થી વધુ બકરાઓ બેભાન થતા તેમની સારવાર ચાલુ કરવામાં આવી છે.
- રૂપાલ ગામે રાયણનું વૃક્ષ ધરાશયી થતાં એક ભેંસનું મોત થયેલ છે.
- કલોલ તાલુકામાં ધાનજ, શેરીસા અને વાંસજડામાં વીજપોલ પડી ગયા હોવાથી વીજ પુરવઠો બંધ કરવો પડ્યો હતો.
- ધાનજ અને શેરીસામાં પણ મોટા વૃક્ષો ધરાશયી થયા છે.
- પિયજ ગામે બે ભેંસના મોત થયા છે.
- રણછોડપુરા ગામે એક મકાનની દિવાલ ધસી પડી હતી જો કે કોઈને વાગ્યુ નથી.
- કલોલમાં ૧૦૪ જેટલા લોકોનું સ્થળાંતર કરી અને સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.
- ગાંધીનગર સિવિલ કેમ્પસમાં જ બે વૃક્ષો ધરાશયી થયા હતા જ્યારે ત્યાં બાંધવામાં આવેલ મંડપનું ઉપરનું કપડુ ફાટી જવા પામ્યુ હતુ.
- માણસા શહેરમાં ગાયત્રી મંદિર નજીકના વિસ્તારોમાં વૃક્ષો ધરાશયી થયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં ૩૬ જેટલા વૃક્ષો પડી ગયા છે.
- દહેગામ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં ૪૦ થી વધુ વૃક્ષો પડ્યા છે જ્યારે શહેરમાં ૧૦ જેટલા વૃક્ષો પડી ગયા છે. દહેગામ ન.પા. વિસ્તારમાં ૨૫ જેટલા લોકોનું સ્થળાંતર કરી સલામત સ્થળે ખસેડવામાં આવ્યા હતા.
- ગાંધીનગર તાલુકાના સાદરા-જાખોરા રોડ પર વૃક્ષો ધરાશયી થતાં માર્ગ-વ્યવહાર થોડાક કલાક માટે ખોરવાયો હતો.
- લિમ્બડિયા ગામમાં વરસાદી પાણી ભરાઈ જતાં સરપંચે જાતે ગટરોના ઢાંકણા ખોલી અને પાણીનો નિકાલ કર્યો હતો.
- ચિલોડા નજીક નવા બનેલા ઓવરબ્રીજને લઈ વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી પાણી ભરાઈ જવા પામ્યા હતા જેને કારણે માર્ગ વાહન વ્યવહાર ધીમીગતિએ ચાલ્યો હતો.
- કલોલ તાલુકામાં ઝાડ પડવાના કારણે નવ જેટલા માર્ગો પર વાહન-વ્યવહાર થંભી ગયો હતો પરંતુ વૃક્ષો દૂર કરાતાં જ તે પુનઃ કાર્યરત થઈ ગયા છે.
- ગાંધીનગરમાં વાવાઝોડાની અસર વચ્ચે માર્ગો પર એકલ દોકલ વાહનોની અવરજવર જોવા મળી હતી. જયારે દિવસ દરમિયાન સતત વરસાદ અને તોફાની પવનનુ જોર રહેતા નાગરિકો ઘરમાં જ પુરાયેલા રહ્યા હતા. વાવાઝોડાના લીધે ઈન્ટરનેટ અને કેબલ સેવા પણ પ્રભાવિત થઈ હતી. જયારે ગાંધીનગરમાં એસ ટી બસ સેવા પણ થંભી ગઈ હતી. ગાંધીનગર સહીત દહેગામ ડેપોમાંથી બસ વ્યવહાર બંધ કરી દેવાયો હતો. વાવાઝોનુ જોર પ્રબળ હોવાથી એસ ટી નિગમે એસ ટી બસ બંધ કરી દીધી હતી. સચિવાલયની પોઈન્ટ બસ સેવા પણ ઠપ્પ થઈ જતા કર્મચારીઓને હાલાકી વેઠવાનો વારો આવ્યો હતો.

## ગ-૫ નું ટ્રાફિક સિગ્નલ લટકી પડ્યુ

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગરમાં આજે વાવાઝોડાના લીધે સુસવાટા મારતા તોફાની પવન વચ્ચે ભારે વરસાદ વરસ્યો હતો. તોફાની પવનના લીધે શહેરમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થયા હતા. સેક્ટરોમાં ઘણા ઠેકાણે સ્ટ્રીટલાઈટ બંધ રહેતા અંધારપટ છવાયો હતો, ત્યારે શહેરના ગ-માર્ગ પર ગ-૫ પાસે ટ્રાફિક સિગ્નલ પણ તુટી ગયુ હતુ. તોફાની પવનના લીધે ટ્રાફિક સિગ્નલની લાઈટ એકબાજુથી તુટીને હવામાં લટકતી જોવા મળી હતી.

**તૃતિય પુણ્યતિથિએ**

**આદરાંજલિ**



**સ્વ. પદ્માબેન જમનાદાસ મહેતા**

સ્વર્ગવાસ તા. ૧૯/૫/૨૦૧૮

સત્વને શીલના ધારક-
માતુશ્રીને શત્ શત્ નમન...
આજે તમોને સ્મરીને કરીએ ભાવવંદનો;
પરિવાર સમસ્ત સમર્પે, હૃદયથી શ્રદ્ધાસુમનો.
સ્મૃતિ સંપદામાં તવ પાવન સંસ્મરણો...
શાશ્વત, મંગલ, મધુર, શહસ્ત્ર અમૃતવચનો !

લિ.

રાજુલ - સ્નેહા ● શ્રેયા - પ્રહરકુમાર - સ્વરા ● હિતા - આલાપકુમાર
નિપુલ - ક્રિષ્ના - નીલ - મેધા - ખનિષ્કા - જયમીન
સુકેતુ - જીજ્ઞા ● નિધી - નીલકુમાર

## જિલ્લામાં નવા ૧૪૩ કેસ : ૧૭૫ને ડિસ્ચાર્જ

**ગાંધીનગર-૨૫, દહેગામ-૨૪, કલોલ-૧૭, માણસામાં ૨ કેસ નોંધાયા : શહેરમાં પેથાપુરમાં ૮, સે. ૮ માં ૭, સે. ૧૭ અને સરગાસણમાં ૬-૬ કેસ, સે. ૧૬ અને રાંધેજામાં ૫-૫ કેસ, સે. ૧૨, ૩૦, રાંદેસણમાં ૩-૩ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના આજે ૧૪૩ કેસ નોંધાયા છે. જયારે ૧૭૫ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં રિકવરી રેટ વધતાં તંત્રએ હવે રાહત અનુભવી છે.

જિલ્લામાં આજે સારવાર દરમ્યાન વધુ ૨ દર્દીના મોત થયા છે. ૧ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલ દર્દીનું અને ગાંધીનગર શહેરમાં નોંધાયેલ દર્દીનું ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે અવસાન થયેલ છે. જો કે મનપાના સૂત્રોએ આજે ૧૦ મૃતકોની અંતિમવિધિ કોવિડ-૧૯ની ગાઈડલાઈન પ્રમાણે સ્મશાનગૃહોમાં કરાઈ હોવાનું જણાવ્યુ છે.

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૨૪, ગાંધીનગરમાં ૨૫, કલોલમાં ૧૭ અને માણસામાં ૨ કેસ નોંધાયા છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા દર્દીઓમાંથી ૧૦ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતાં તેમને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. આજે નોંધાયેલા કેસોમાં ૩૪ મહિલા દર્દીઓનો સમાવેશ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં મહિલા અને બાળકો સંક્રમિત થઈ રહ્યાની વાતથી તંત્રની ચિંતા વધી છે.

દહેગામ તાલુકામાં આજે નોંધાયેલા ૨૪ કેસોમાં દહેગામ અર્બનમાં ૪ કેસ તેમજ ગ્રામ્ય વિસ્તારમાં ગમીજ, બારડોલી કોઠી, દેવકરણના મુવાડા, વાસણા સોગઠી, કડાદરા, કડજોદરામાંથી ૨-૨ કેસ ઉપરાંત હિલોલ, પથુજીના મુવાડા, જુના થામ્બલિયા, વેલપુરા, હરખજીના મુવાડા, ધણિયોલ, પાટનાકુવા, ઉદાન ગામેથી પણ કેસો મળી આવેલ છે.

ગાંધીનગર તાલુકામાં આજે વધુ ૨૫ કેસ નોંધાયા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર તાલુકાના સરઢવ ગામેથી ૬, અડાલજ, રૂપાલ ગામેથી ૩-૩ કેસ તેમજ ડભોડા, દોલારાણા વાસણા, મોટી આદરજ, પુન્દ્રાસણ, દશેલા, સાદરા, વાંકાનેરડા, મોટા ચિલોડા, વાસણા, દંતાલી, જમિયતપુરા, ગલુદણ, ઈસનપુર મોટા ગામેથી કેસો મળી આવ્યા છે.

કલોલ તાલુકામાં આજે વધુ ૧૭ કેસ નોંધાયા છે. કલોલ અર્બનમાંથી આજે ૭ કેસ મળી આવ્યા છે જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં બોરીસણામાંથી ૩, વેડામાંથી ૨ તેમજ વડસર, ભાદોલ, ડીંગુચા, આરસોડિયામાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે માત્ર ૨ કેસ મળી આવ્યા છે. એક માણસા અર્બનમાંથી અને બીજો કેસ સોજા ગામેથી મળી આવ્યો છે.

જિલ્લામાં રિકવરી રેટ ઝડપથી સુધરી રહ્યાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૭૧ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૮૪૭૫ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૮૫૫ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૬૭૫૨ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં કોરોનાનું સંક્રમણ ઘટી જવા પામ્યુ છે. શહેરમાં આજે ૭૫ કેસ નોંધાયા છે. જેમાં સેક્ટરોમાં ૪૩ અને શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાંથી ૩૨ કેસ નોંધાયા છે.

શહેરમાં સંક્રમણ ઘટતાં તંત્રએ રાહત અનુભવી છે. શહેરમાં આજે ૬૦ વર્ષથી વધુ વય ધરાવતા ૧૧ દર્દી, ૩૩ મહિલા દર્દી તેમજ ૩ દર્દી ૨૦થી ઓછી આયુ ધરાવતા મળી આવ્યા છે.

શહેરમાં સેક્ટોરમાં સે. ૮ માં ૭, સે. ૭ માં ૬, સે. ૧૬ માં ૫, સે. ૨૩ માં ૪, સે. ૧૨, ૩૦ માં ૩-૩, સે. ૨, ૩, ૪, ૨૨, ૨૮ માંથી ૨-૨ કેસ ઉપરાંત સે. ૫, ૧૩, ૨૧, ૨૬, ૨૭ માંથી પણ કેસ મળી આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય અને અન્ય વિસ્તારોમાં પેથાપુરમાંથી ૮, સરગાસણમાંથી ૬, રાંધેજામાંથી ૫, રાંદેસણમાંથી ૩, કોલવડામાંથી ૨ ઉપરાંત વાવોલ, ઝુંડાલ, પોર, બોરીજ, જીઈબી, ઈન્દ્રોડા, કુડાસણ અને રાયસણમાંથી પણ કેસ મળી આવ્યા છે.

## કોર્પોરેશનની બલિહારી... અન્ડરપાસમાં પાણીના ધોધ




નવા નક્કોર અન્ડરપાસની દશા - હજુ તો માંડ ૨ મહિના પણ પૂરા નહિ થયા હોય ત્યાં અન્ડરપાસમાંથી પાણીનો ધોધ વહેવા માંડ્યા છે... શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪ ઈંચ વરસાને પગલે નવા નક્કોર અન્ડરપાસમાંથી જે રીતે લીકેઝ બહાર આવતા સોશ્યલ મીડીયા અને નાગરિકોમાં મનપાના વહીવટી સામે ભારે ચર્ચાએ જોર પકડ્યું હતું.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

નિવિદા નંબર : ૦૩, સને ૨૦૨૧-૨૨

ટેન્ડર આઈડી નં. ૪૬૨૧૩૪

ગ્રામ્ય વિસ્તારના પીવાના પાણીની ફરિયાદ માટે હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર : ૧૯૧૬

ગુજરાત જલસેવા તાલીમ સંસ્થા, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, સેક્ટર-૧૫, સરદાર પટેલ રોડ, (ગ-રોડ), ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી "Hiring NABL Consultation Services (Inclusive of Transportation and Stay at various laboratories all over Gujarat) inclusive of all Taxes NABL Accreditation Process as per ISO/IEC 17025:2017 foe GWSSB Laboratories", અંદાજીત કિંમત રૂ. ૨૮.૩૫ લાખ, માટે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે. ઠેકેદારે ટેન્ડરની શરતો પ્રમાણે ઉત્તિર્ણ થવાનું રહેશે. ટેન્ડર ઓનલાઈન સબમીશન કરવાની છેલ્લી તારીખ : ૧/૬/૨૦૨૧ના ૧૮.૦૦ કલાક સુધી છે. ટેન્ડર ડોક્યુમેન્ટ www.nprocure.com પર ઉપલબ્ધ છે.

બોર્ડને બધા જ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા વિના રદ કરવાનો અબાધિત અધિકાર રહેશે.

માહિતી/૨૨૫/૨૧-૨૨

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT · Kisan · ashirvad · Jaquar experience bathing · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in

**કેપિટલ ઓફસેટ**®

AN ISO 9001:2015 Certified Company

મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ

રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯

બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@gmail.com